### ફેક્ટરીઓના પ્રદૂષણ સામે ગ્રામજનોનો આક્રોશ, "અમને જીવવાનો હક આપો"

# ધીમા મોતે મરતું 'સાવલીનું ટુંડાવ'

## જાહેર સ્વાસ્થ્ય જોખમાયું હોવા છતાં આરોગ્ય વિભાગ અને GPCB ઘોર નિંદ્રામાં : ગામમાં તાત્કાલિક મેડિકલ કેમ્પ યોજવા ઉઠતી માંગ : આવનારા પાંચ વર્ષમાં દરેક ઘરમાં કેન્સરનો દર્દી હશે : ગ્રામજનો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ટુંડાવ ગામમાં ઔદ્યોગિક પ્રદૂષણે માનવ સ્વાસ્થ્ય પર એટલો ભયાનક હુમલો કર્યો છે કે આજે ગામનો દરેક બીજો નાગરિક કોઈને કોઈ ગંભીર બીમારીથી પીડાઈ રહ્યો છે. ગામ નજીક આવેલી કેમિકલ ફેક્ટરીઓમાંથી સાંજ પડતાં જ છોડાતો ઝેરી ગેસ સ્થાનિકોના ફેફસાંમાં ઝેર ઘોળી રહ્યો છે. પ્રદૂષણનું સ્તર તમામ મર્યાદાઓ વટાવી ચૂક્યું હોવા છતાં આરોગ્ય વિભાગ કે જીપીસીબી (GPCB) ના સત્તાધીશો આંખ આડા કાન કરી રહ્યા છે, જેને પગલે સમગ્ર ગામનું જાહેર સ્વાસ્થ્ય ભારે જોખમમાં મૂકાયું છે. ગામમાં ચોમેર ફેલાયેલા કેમિકલ યુક્ત વાતાવરણને કારણે સૌથી માઠી અસર નિર્દોષ બાળકો અને વડીલોના સ્વાસ્થ્ય પર પડી છે. ગામના નાના બાળકોના શરીરે ચામડીના ગંભીર રોગો (ચર્મરોગ), ખંજવાળ અને એલર્જીના ધાબા જોવા મળી રહ્યા છે.

બીજી તરફ, રાત્રિના સમયે હવામાં કેમિકલની તીવ્ર વાસ આવવાના કારણે સિનિયર સિટીઝનો માટે શ્વાસ લેવો પણ દુભર બની ગયો છે. દમ અને અસ્થમાના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે. માત્ર હવા જ નહીં, પણ કંપનીઓ દ્વારા છોડાતા કેમિકલ વેસ્ટના કારણે ગામના કુવા અને ભૂગર્ભ જળના સ્ત્રોતો પણ સંપૂર્ણપણે ઝેરી અને દૂષિત થઈ ગયા છે. આ કેમિકલયુક્ત પાણીના વપરાશથી ગામના અનેક ઘરોમાં કેન્સર જેવી અસાધ્ય અને જીવલેણ બીમારીએ ભરડો લીધો છે.

સ્થાનિકોમાં એ વાતનો ફફડાટ છે કે જો આ પ્રદૂષણ પર તાકીદે રોક નહીં લગાવાય, તો આગામી પાંચ વર્ષમાં ટુંડાવનો દરેક ઘર કેન્સરની હોસ્પિટલ જેવો બની જશે. અડધી રાત્રે ખેતરોમાં જે કેમિકલ કચરો સળગાવવામાં આવે છે, તેના ઝેરી ધુમાડાથી લોકો સવારે માથાના અસહ્ય દુખાવા અને ઉબકા આવવાની ફરિયાદ કરી રહ્યા છે.

ગામની આરોગ્ય સ્થિતિ જોતાં સરકાર તાત્કાલિક મેડિકલ કેમ્પ યોજે અને આ જોખમી કંપનીઓ સામે સ્વાસ્થ્યના નુકસાનીના પગલાં ભરે તેવી લોક માંગ ઉઠી છે.

### તો આખુ ગામ ગંભીર રોગોના ભરડામાં આવશે



ટુંડાવ ગામમાં આજે વિકાસ નહીં, પણ કેમિકલના કારણે બીમારીઓનો પાયો નખાઈ રહ્યો છે. શુદ્ધ હવા અને પીવાનું ચોખ્ખું પાણી મેળવવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે, પરંતુ અહીં કંપનીઓએ આ બંને સ્ત્રોતોને 'સ્લો પોઇઝન' (ધીમું ઝેર) બનાવી દીધા છે. બાળકોના સડતા શરીર અને વડીલોના રૂંધાતા શ્વાસ પ્રશાસનની નિષ્ક્રિયતાની સાક્ષી પૂરે છે. જો સરકાર આ કેમિકલ માફિયાઓ સામે કડક તબીબી અને પર્યાવરણીય તપાસ નહીં કરાવે, તો આગામી દિવસોમાં આખું ગામ ગંભીર રોગોના ભરડામાં હોમાઈ જશે.

### પ્રદુષણ કરતાં એકમો સામે પગલાના સંકેત

## કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એક્શન મોડમાં, કડક કાર્યવાહીના સંકેત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨

ટુંડાવ ગામની સળગતી પ્રદૂષણની સમસ્યા અંગે 'ગુજરાતમિત્ર'માં પ્રસિદ્ધ થયેલા વિસ્તૃત અહેવાલે ગાંધીનગર સુધી ખળભળાટ મચાવી દીધો છે. આ ગંભીર અહેવાલની તાત્કાલિક નોંધ લેતા રાજ્યના વન અને પર્યાવરણ, જળવાયુ પરિવર્તન તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા તુરંત જ એક્શન મોડમાં આવ્યા છે.

તેમણે આ મામલાને અત્યંત ગંભીર ગણાવતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, "ટુંડાવ ગામની પ્રદૂષણ અને કેમિકલ માફિયાઓ અંગેની તમામ વિગતો અને પુરાવા બાદ જવાબદાર કંપનીઓ સામે કાયદાના દાયરામાં રહીને કડક લોખંડી હાથે કાર્યવાહી કરવામાં આવશે." મંત્રીની આ ઝડપી સક્રિયતાથી ભ્રષ્ટ અધિકારીઓ અને પ્રદૂષણ ફેલાવતી કેમિકલ કંપનીઓમાં ચાલતા કાળા કારોબાર પર ટૂંક સમય માં અસર જોવા મળેશે, તો બીજી તરફ પીડિત ગ્રામજનોમાં ન્યાયની આશા જાગી છે.

### આખુ પરિવાર બીમારીના ખાટલે

1."અમારા ગામમાં કેમિકલની દુર્ગંધ એટલી આવે છે કે રાત્રે ઊંઘવું મુશ્કેલ છે. મારા આખા શરીરે ચામડીના એવા રોગ થયા છે કે કોઈ દવા કામ નથી કરતી. ગામના નાના છોકરાઓ સતત ઉધરસ અને ચામડીની એલર્જીથી પીડાય છે. કંપનીઓ અમને ફેક્ટરીની રોજગારી તો ના આપી, પણ અમારા આખા પરિવારને બીમારીના ખાટલે જરૂર સુવડાવી દીધા છે."

**આરીફ ભાઈ** (શારીરિક તકલીફોથી પીડિત સ્થાનિક રહીશ)

### દમના દર્દીઓ તરફડિયા મારે છે

"ગામના પાણીના સ્વાદ બદલાઈ ગયા છે અને પાણી પીવા જેવું રહ્યું નથી. અમારા ગામના કેટલાય ઘરોમાં કેન્સરના કેસ સામે આવ્યા છે, જેનું મુખ્ય કારણ આ કેમિકલ ફેક્ટરીઓનું ઝેર જ છે. રાત્રે જ્યારે આ લોકો ગેસ છોડે છે ત્યારે દમ ના દર્દીઓ તરફડિયા મારે છે. સરકાર ઉદ્યોગો બંધ કરાવે કે ગમે તે કરે, પણ અમને અને અમારા બાળકોને જીવવાનો અને સાજા રહેવાનો હક આપે."

**ઈમરાન સૈયદ** (સ્થાનિક)

### અકસ્માતમાં વાનને નુકસાન થયું હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું

## સમા વિસ્તારમાં બેકાબુ વાનનુ બેઝમેન્ટમાં શીર્ષાસન, મોટી જાનહાનિ ટળતા હાશકારો

(પ્રતિનિધિ) વડોદરા તા.2



વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલા યોગી કોમ્પ્લેક્સ ખાતે મોડી રાત્રે એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. બેકાબુ બનેલી એક વાન અચાનક કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં ખાબકી હતી. અકસ્માત બાદ વાન શીર્ષાસન સ્થિતિમાં પલટી જતાં ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. સદનસીબે અકસ્માત મોડી રાત્રે બન્યો હોવાથી બેઝમેન્ટ તેમજ આસપાસ કોઈ અવરજવર નહોતી. જેના કારણે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. બાદમાં જરૂરી કાર્યવાહી હાથ ધરી વાનને બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. આ અકસ્માતમાં માત્ર વાનને નુકસાન થયું હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે ભારે ચકચાર મચી ગઈ હતી.

### ફાયર બ્રિગેડ દ્વારા જીવતદાન

## વડોદરાના વાડીમાં ૧૦૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨



વડોદરા શહેરના ગીચ ગણાતા વાડી વિસ્તારમાં એક જૂની ઈમારત કાળમુખી સાબિત થઈ હતી. આશરે ૧૦૦ વર્ષ જૂના એક જર્જરિત મકાનની અચાનક છત ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આ અચાનક બનેલી દુર્ઘટનામાં ઘરમાં હાજર બે વ્યક્તિઓ કાટમાળ નીચે ફસાઈ ગયા હતા, જેના પગલે સ્થાનિક રહીશોમાં ગભરાટનો માહોલ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ગતિએ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ સમય સૂચકતા વાપરી અત્યંત સાવચેતીપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. કાટમાળને હટાવીને ફસાયેલા બંને વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં ફાયર ટીમને સફળતા મળી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ બંને ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે, જેમના જીવ બચાવી લેવાતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વાડી પોલીસ સ્ટેશનનો કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી મકાનના બાકીના ભાગને સુરક્ષિત કરવા અને આસપાસના લોકોની અવરજવર રોકવાની તજવીજ હાથ ધરી હતી. વહીવટી તંત્ર દ્વારા આ મકાન જર્જરિત હોવા અંગે અગાઉ કોઈ નોટિસ આપવામાં આવી હતી કે કેમ અને મકાન ધરાશાયી થવા પાછળનું સચોટ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં પેરા લીગલ વોલન્ટિયર્સની ભરતી, 12 જુલાઈ સુધી અરજીઓ મંગાવાઈ

વડોદરા : જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ વડોદરાએ વર્ષ 2025-26ની ટર્મ માટે પેરા લીગલ વોલન્ટિયર્સની નિમણૂક માટે અરજીઓ મંગાવી છે. સમાજના નબળા અને જરૂરિયાતમંદ વર્ગને નિઃસ્વાર્થ કાનૂની સહાય આપવા ઈચ્છુક ઉમેદવારો 12 જુલાઈ, 2026 સુધી અરજી કરી શકશે. શિક્ષકો, નિવૃત્ત સરકારી કર્મચારીઓ, વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, સામાજિક કાર્યકરો, ટ્રાન્સજેન્ડર, આશા અને આંગણવાડી કાર્યકરો, ડૉક્ટરો, વિદ્યાર્થીઓ, કાયદાના વિદ્યાર્થીઓ, એનજીઓ તથા સેવાભાવી સંસ્થાઓના સભ્યો સહિત વિવિધ વર્ગના ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. રસ ધરાવતા ઉમેદવારોએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ન્યાય મંદિર, દિવાળીપુરા ખાતે નિર્ધારિત અરજી ફોર્મ મેળવી ભરવાનું રહેશે. પસંદગી ઈન્ટરવ્યૂના આધારે થશે અને નિયુક્ત પેરા લીગલ વોલન્ટિયર્સને નિયમ મુજબ માનદ વેતન પણ ચૂકવવામાં આવશે.

### NSUIની વિરોધ સાથે ઉચ્ચસ્તરીય તપાસની માંગણી

## MSUની લો ફેકલ્ટીમાં BA LLB પ્રવેશ પ્રક્રિયામાં ગફલાનો આક્ષેપ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની લો ફેકલ્ટીમાં બીએ એલએલબી પ્રવેશ પ્રક્રિયામાં કથિત ઘપલાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. એનએસયુઆઈ દ્વારા મેરિટ લિસ્ટ અને પરિણામમાં ગંભીર વિસંગતતાઓ હોવાનો દાવો કરી જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. એનએસયુઆઈના જણાવ્યા અનુસાર, પ્રવેશ પરીક્ષાના પરિણામ બાદ જાહેર થયેલા ત્રીજા મેરિટ લિસ્ટમાં 58 માર્ક્સ સુધી પ્રવેશ અપાયો હતો, જ્યારે ચોથા મેરિટ લિસ્ટમાં 71 માર્ક્સ ધરાવતા વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. તપાસ કરતાં માર્ક્સ, સીટ નંબર અને જીકાસ રજિસ્ટ્રેશન નંબરમાં કથિત ગેરમેળ સામે આવ્યા છે. એનએસયુઆઈનો આક્ષેપ છે કે કેટલાક વિદ્યાર્થીઓના માર્ક્સમાં ફેરફાર કરીને પ્રવેશ આપવામાં આવ્યો છે. એનએસયુઆઈએ દાવો કર્યો છે કે રજૂઆત બાદ ફેકલ્ટી દ્વારા ભૂલ સ્વીકારવામાં આવી છે, પરંતુ હજુ સુધી કોઈ જવાબદાર અધિકારી સામે કાર્યવાહી થઈ નથી. વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈએ સમગ્ર એડમિશન પ્રક્રિયાની ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ, જવાબદાર અધિકારીઓને એડમિશન કમિટીમાંથી દૂર કરવા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનાર સામે કાર્યવાહીની માંગ કરી છે. આ મામલે એમએસયુના રજિસ્ટ્રાર કે.એમ. ચુડાસમાએ જણાવ્યું કે આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે અને જો તપાસમાં ગેરરીતિ સામે આવશે તો જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે.

### સપ્લાયર જુબેર મેમણ સહિત બે ફરાર

## ઈનોવા કારમાં દારૂ લાવનાર લીસ્ટેડ બુટલેગર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2



લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતા બુટલેગરને પીસીબી પોલીસે કારમાં રૂપિયા 6.27 લાખના દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. વિદેશી દારૂ અને કાર મળી રૂપિયા રૂ. 16.37 લાખના મુદ્દામાલ જપ્ત કરાયો છે. જ્યારે દારૂ સપ્લાય કરનાર કુખ્યાત જુબેર મેમણ સહિત બે આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. બુટલેગર વિરેન્દ્ર ઉર્ફે ગબો સામે અગાઉ પણ દારૂ સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા છે અને તેના વિરુદ્ધ પાસાની કાર્યવાહી પણ થઈ ચૂકી છે.

પીસીબી પીઆઇને મળેલી બાતમીના આધારે લક્ષ્મીપુરા રોડ સ્થિત સ્વામી વિવેકાનંદ હાઈટ્સમાં રહેતો મિસ્ટર બુટલેગર વિરેન્દ્ર ઉર્ફે ગબો રાજ સફેદ રંગની ઈનોવા કારમા મોટી માત્રામાં વિદેશી દારૂ ભરી શહેરમાં સપ્લાય માટે ફરી રહ્યો છે અને થોડા સમયમાં પૂજા હોટલ પાસેથી પસાર થવાનો છે. બાતમીના આધારે પીસીબીની ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન ઈનોવા કારની તપાસ કરતાં દારૂની 2,733 બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી વિરેન્દ્ર ઉર્ફે ગબો કિરીટ રાજ (ઉ.વ. 25, રહે. સ્વામી વિવેકાનંદ હાઇટ્સ, લક્ષ્મીપુરા રોડ, ગોરવા)ને ઝડપી પાડ્યો હતો. દારૂનો જથ્થો વાડી વિસ્તારના કુખ્યાત જુબેર સફી મેમણે પૂરો પાડ્યો હોવાનું તેમજ રાકેશ ઉર્ફે બોસ ઠાકોરની પણ સંડોવણી હોવાનું સામે આવ્યું છે. બંને આરોપીઓ હાલ ફરાર છે. આરોપી વિરુદ્ધ અન્ય પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે.

### બૂમાબૂમ થતા સ્થાનિક મહિલાઓએ પીડિતાને બચાવી

## પાણી ભરવા ગયેલી મહિલા સાથે ઝઘડો કર્યા બાદ પાડોશીનો ચાકુથી હુમલો

**ઈજાગ્રસ્ત** મહિલાને સારવાર માટે ગોત્રી હોસ્પિટલમા ખસેડાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના વાસણા-ભાયલી રોડ વિસ્તારમાં આવેલી સાંઈનાથ વુડાના મકાનમાં રહેતી 42 વર્ષીય મહિલા પર પાડોશીએ ચપ્પુ વડે હુમલો કરી ઈજા પહોંચાડવાના આવી હતી. મહિલાની બૂમાબૂમ સાંભળી આસપાસની મહિલાઓ દોડી આવી હુમલાખોરને અટકાવ્યો હતો. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા બાદ ગોત્રી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. વડોદરાના વાસણા-ભાયલી રોડ પર આવેલી સાંઈનાથ વુડાના મકાનમાં રહેતી કોકિલાબેન રાજેશભાઈ માળી (ઉ.વ. 42)એ ગોત્રી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મંગળવારે બપોરે આશરે ત્રણ વાગ્યે કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમના જ રહેણાંક વિસ્તારમાં રહેતો સન્ની પવાર વુડાની બહાર રોડ કિનારે બેઠો હતો અને "આજે હું નહીં કે તું નહીં" જેવા ઉશ્કેરણીજનક શબ્દો બોલવા લાગ્યો હતો. મહિલાએ આ અંગે પૂછપરછ કરી પોતાના ઘરે જતી રહી હતી. સાંજે આશરે સાડા પાંચ વાગ્યે કોકિલાબેન પાણી ભરવા માટે નીચે નળ પાસે ગયા હતા. તે દરમિયાન સન્ની પવાર ચપ્પુ લઈને તેમની પાસે આવ્યો અને હુમલો કરતાં ડાબા હાથના કાંડા પાસે ઈજા પહોંચી હતી. ઈજાના કારણે લોહી નીકળતાં મહિલાએ બૂમાબૂમ કરી હતી. બૂમાબૂમ સાંભળી પાણી ભરવા આવેલી સોનલ ચંદ્રકાંત ખેરનાથ અને મીમરાબેન રાજેશ માળી સહિત અન્ય મહિલાઓ દોડી આવી વચ્ચે પડી હુમલાખોરના ચંગુલમાંથી કોકિલાબેનને છોડાવ્યા હતા. આ દરમિયાન આરોપીએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. બનાવ બાદ કોકિલાબેનની પુત્રી કિરણે 112 ઈમરજન્સી સેવા પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચ્યા બાદ ઈજાગ્રસ્ત મહિલાને ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ગોત્રી પોલીસે સન્ની પવાર સામે વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યાજખોરો દ્વારા હવે પરિવારને પણ ધમકાવવા લાગ્યા

## વ્યાજખોર સામે કાર્યવાહી ન કરાતા પરિવારજનોમાં રોષ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

અટલાદરા વિસ્તારમાં વ્યાજખોરના સતત ત્રાસ, ધમકીઓ અને અપમાનજનક વર્તનથી કંટાળીને આધેડે દવા પી આત્મહત્યાનો કરી હતી. પરિવારે આરોપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પરિવારના જણાવ્યા મુજબ, મૃતક રાજુભાઈએ અટલાદરા વિસ્તારમાં રહેતા એક શખ્સ પાસેથી રૂપિયા લીધા હતા. ત્યારબાદ આરોપીએ સતત ઊંચા વ્યાજની માંગણી શરૂ કરી હતી. વ્યાજની રકમ ચૂકવવા છતાં વધુ નાણાંની માંગણી, ધમકીઓ અને અપમાનજનક વર્તન ચાલુ રાખવામાં આવતું હતું. આરોપી દ્વારા સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાથી રાજુભાઈ ભારે તણાવમાં રહેતા હતા. આ સતત ત્રાસથી કંટાળીને રાજુભાઈએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. મૃતકના પરિવારજનોનો આક્ષેપ છે કે ઘટનાના 12 દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પોલીસ દ્વારા આરોપી સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી. આરોપીઓ નિર્ભય બની ખુલ્લેઆમ ફરી રહ્યા છે અને હજુ પણ પરિવારને ધમકાવી રહ્યા હોવાનું પરિવારનું કહેવું છે. પુત્રવધૂએ જણાવ્યું હતું કે, "મારા સસરાએ વ્યાજખોરના અસહ્ય ત્રાસથી કંટાળીને ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. તેમ છતાં હજુ સુધી આરોપીઓ સામે કોઈ કાર્યવાહી થઈ નથી. ઉલટાનું તેઓ અમારા ઘરે આવી ધમકીઓ આપે છે. વ્યાજ અને મુદ્દલની રકમ ચૂકવી દીધી હોવા છતાં અમને હેરાન કરે છે અને બહાર નીકળીએ ત્યારે બદનામ કરવાનો પ્રયાસ કરે છે." પરિવારે ચેતવણી આપી છે કે જો પોલીસ આરોપીઓ સામે કાર્યવાહી નહીં કરે તો તેઓ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરશે.

## મકાન વેચાણ મુદ્દે પિતા અને પુત્ર પર ઈંટથી હુમલો

વડોદરા : વડોદરા શહેરના સમા વિસ્તારમાં રહેતા ગૌરાગ ગોવિંદભાઈ વસાવાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, 29 જાન્યુઆરીની સાંજે તેઓ પોતાના પિતરાઈ ભાઈ વિપુલ વસાવા સાથે સોસાયટી બહાર આવેલી પ્રોવિઝન સ્ટોર પાસે ઉભા હતા. તે દરમિયાન તેમના પિતા ગોવિંદભાઈ વસાવા રિક્ષા લઈને ત્યાં પહોંચ્યા હતા. મકાન વેચાણના મુદ્દે અગાઉથી ચાલતા વિવાદ અંગે વાતચીત કરવા જતા ગોવિંદભાઈ અને તેમના ભાઈ શંકરભાઈ વસાવા વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. ત્યારબાદ ઝપાઝપી થતાં શંકરભાઈ વસાવાએ નજીકમાંથી ઈંટ ઉઠાવી ગોવિંદભાઈના માથામાં હુમલો કર્યો હતો. વચ્ચે પડી ઝઘડો છોડાવવા ગયેલા ગૌરાગ વસાવાને પણ ઈંટ વાગતાં નાક અને કપાળના ભાગે ઈજા થઈ હતી. આ દરમિયાન વિપુલ વસાવાએ ગોવિંદભાઈને ધક્કો લીદચી સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### ફાયર બ્રિગેડે સુરસાગરમાં બોટનું પરીક્ષણ કરી તૈયારીની ચકાસણી કરી

## વડોદરામાં સંભવિત પૂરની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ બન્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2



હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાતો દ્વારા વડોદરા શહેર અને જિલ્લામાં આગામી 3 થી 4 દિવસ દરમિયાન અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વિશ્વામિત્રી નદીની સપાટી વધવાની અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સંભાવનાને ધ્યાને લઈને વડોદરા જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડ પર આવી ગયું છે. સંભવિત પૂરની પરિસ્થિતિમાં બચાવ અને રાહત કામગીરી તાત્કાલિક શરૂ કરી શકાય તે માટે અગમચેતીના ભાગરૂપે વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા આજે સુરસાગર તળાવ ખાતે ખાસ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસરના માર્ગદર્શન હેઠળ ફાયર બ્રિગેડના જવાનોએ રબર બોટ, ફાઈબર બોટ, લાઈફ જેકેટ, રિંગ બોય અને અન્ય રેસ્ક્યૂ સાધનો સાથે તળાવમાં ઉતરી પરીક્ષણ કર્યું હતું. ચકાસણી દરમિયાન પૂરમાં ફસાયેલા લોકોને કેવી રીતે સલામત રીતે બહાર કાઢવા, બોટનું સંચાલન કેવી રીતે કરવું અને કટોકટીના સમયે ટીમ વર્ક સાથે કામગીરી કેવી રીતે કરવી તેની સઘન પ્રેક્ટિસ કરવામાં આવી હતી. તમામ બોટના એન્જિન, રેસ્ક્યૂ સાધનો અને કોમ્યુનિકેશન સિસ્ટમની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી. વડોદરા ફાયર બ્રિગેડ પાસે હાલ રબર બોટ, ફાઈબર બોટ અને લાઈફ જેકેટ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. નીચાણવાળા વિસ્તારો જેવા કે કલ્યાણનગર, પરશુરામ ભઠ્ઠા, વડસર, છાણી વિસ્તારમાં ખાસ નજર રાખવામાં આવી રહી છે. ફાયર વિભાગના અધિકારીએ જણાવ્યું કે, અમે કોઈપણ પરિસ્થિતિ માટે 24x7 તૈયાર છીએ. નાગરિકોએ ગભરાવાની જરૂર નથી, પરંતુ ભારે વરસાદ દરમિયાન બિનજરૂરી રીતે બહાર ન નીકળવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ છે.

### કોર્ટનું સીલ તોડી ફરી ઘરમાં ઘૂસ્યા..!

## કબજાવાળી મિલ્કતમાં લોન ધારક દંપતીની 'રી-એન્ટ્રી'

( પ્રતિનિધિ ) વડોદરા,તા.2

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં કોર્ટના આદેશથી કબજામાં લેવાયેલી મોર્ગેજ મિલ્કતમાં લોનધારક દંપતી દ્વારા કથિત રીતે સીલ અને તાળા તોડી ફરી પ્રવેશ કર્યાનો આક્ષેપ કરાયો છે. ગોત્રી વિસ્તારમાં આવેલી મોર્ગેજ મિલ્કત કોર્ટના આદેશ બાદ સીલ કરાઈ હતી.ગોત્રીના દર્શન ફ્લેટમાં રહેતા અને આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડમાં કલેક્શન મેનેજર તરીકે ફરજ બજાવતા મેહુલ રાજુભાઈ ઠક્કરે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, રાજુ મશીલકર અને તેમની પત્ની સુનીતા રાજુ મશીલકરે વર્ષ 2020થી 2022 દરમિયાન ગોત્રી રોડ પર આવેલી પુષ્પમ ટેનામેન્ટની પોતાની મિલ્કત સામે ત્રણ મોર્ગેજ તથા ટોપ-અપ લોન લીધી હતી. બાદમાં લોનના હપ્તાની નિયમિત ચુકવણી નહીં થતાં એકાઉન્ટ એનપીએ જાહેર કરાયું હતું. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશ અનુસાર 29 માર્ચ, 2026ના રોજ કોર્ટ કમિશ્નર અને પોલીસ બંદોબસ્તની હાજરીમાં મિલ્કતનો કબ્જો લેવામાં આવ્યો હતો. તે સમયે મકાનમાં રહેલા સામાનનું પંચનામું તૈયાર કરી મિલ્કતને સીલ મારી કંપનીને કાયદેસર કબજો સોંપવામાં આવ્યો હતો. મિલ્કતની સુરક્ષા માટે ખાનગી સિક્યુરિટી ગાર્ડ મુકવામાં આવ્યો હતો. 10 જૂનની રાત્રે સિક્યુરિટી ગાર્ડ રજા પર ગયો હતો.

બીજા દિવસે સવારે પરત ફરતાં મકાનના સીલ અને તાળા તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. તપાસ કરતાં રાજુ મશીલકર અને તેમનો પરિવાર ફરી મકાનમાં રહેવા આવી ગયો હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની જાણ થતાં કંપનીના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને આરોપીઓ પાસે કોર્ટનો કોઈ નવો હુકમ કે મંજૂરી અંગે પૂછપરછ કરી હતી. જોકે, આરોપીઓએ કોઈ દસ્તાવેજ રજૂ કર્યો નહોતો અને "જે કાયદેસર કાર્યવાહી કરવી હોય તે કરો" તેમ કહી દીધું હતુ.